*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 17

## વિશ્વ મેલેરિયા રિપોર્ટ



ચર્ચામાં શા માટે ?

આ રિપોર્ટના તારણો :-

મેલેરિયા વિશે :-


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


**TOPIC-17નો**
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110




- તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા 'વિશ્વ મેલેરિયા રિપોર્ટ -2019' જાહેર કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટમાં મેલેરિયાના વૈશ્વિક અને પ્રાદેશિક આંકડાઓ વિશેની માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત મેલેરિયાની સારવાર, તપાસ, દેખરેખ, નિવારણ અને તેને સંપૂર્ણ રીતે દૂર કરવા માટેના પ્રયત્નોની પણ આ રિપોર્ટમાં ચર્ચા કરવામાં આવી છે.

## આ રિપોર્ટના તારણો :-

- આ રિપોર્ટ મુજબ હાલ વિશ્વમાં 22.8 કરોડ મેલેરિયાના કેસ જોવા મળ્યા છે. આ આંકડો વર્ષ 2010 માં 25.1 કરોડ હતો.
- વિશ્વમાં મેલેરિયાના 85% કેસ એ આફ્રિકાના સહારા વિસ્તારના 19 દેશો અને ભારતમાં કેન્દ્રીત છે.
- આ 85% કેસ ધરાવતાં દેશો પૈકી ભારતે મેલેરિયાના કેસની સંખ્યામાં સૌથી મોટો ઘટાડો નોંધાવ્યો છે.
- વિશ્વમાં મેલેરિયા કેસનો દર 2010 માટે પ્રતિ 1000 લોકોએ 71 હતો જે વર્ષ 2018માં ઘટીને 57 થયો છે.
- આ સાથે મેલેરિયાના કારણે થતાં મૃત્યુઓમાં પણ ઘટાડો નોંધાયો છે. વર્ષ 2017માં મેલેરિયાના કારણે 4.6 લાખ લોકો મૃત્યુ પામ્યાં હતા. જ્યારે વર્ષ 2018માં 4.05 લાખ લોકો મૃત્યુ પામ્યાં હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં વર્ષ 2017ની સરખામણીએ વર્ષ 2018માં મેલેરિયાના 26 લાખ કેસ ઓછા નોંધાયા છે.
- ભારતમાં માત્ર 7 રાજ્યો પર મેલેરિયાના 90% કેસનુ ભારણ રહેલું છે. આ 7 રાજ્યો એ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ગુજરાત, ઓડિશા અને મધ્યપ્રદેશ છે.
- ભારતમાં મેલેરિયા માટેનું 'MERA-India' અભિયાન પણ અમલી બનાવવામાં આવ્યું છે. અહીં, MERAનું પૂરું નામ- Malaria Elimination Research Alliance છે.

## મેલેરિયા વિશે :-

- મેલેરિયાએ મચ્છરોને કારણે થતો એક ચેપી રોગ છે, જે મનુષ્ય અને પશુ એમ બન્નેને થઈ શકે છે.
- માદા એનોફિલેસ પ્રકારના મચ્છરના કરડવાથી મેલેરિયા માટેના જવાબદાર પરોપજીવી મનુષ્યના શરીરમાં પ્રવેશે છે. આથી, માદા એનોફિલેસ મચ્છરોને 'મેલેરિયાના વાહકો' કહેવામાં આવે છે.
- મેલેરિયાના લક્ષણો મચ્છર કરડયાના 10 થી 15 દિવસ બાદ જોવા મળે છે.
- મેલેરિયાના લક્ષણોમાં તાવ આવવો, થાક લાગવો, ઊલટી થવી, માથું દુ:ખવું વગેરેનો સમાવેશ થાય છે.
- મેલેરિયાના વધુ ગંભીર લક્ષણોમાં દર્દીની ચામડી પીળી પડવી, આંચકી આવવી અને કોમામાં જતાં રહેવું વગેરેનો સમાવેશ થાય છે. તેમજ ક્યારેક દર્દીનું મૃત્યુ પણ થઈ શકે છે.
- દર વર્ષે 25 એપ્રિલના રોજ 'વિશ્વ મેલેરિયા દિવસ' ઊજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT